# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૫૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૧૦ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 150 • Dt. 08-01-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

08 JANUARY- 2025 WEDNESDAY




P.07

રામ ચરણની 'ગેમ ચેન્જર'ની ઇવેન્ટ બાદ અકસ્માત, ૨ ફેન્સના મોત



P.07

સારા ભોળાનાથને શરણે પહોંચી, કપાળમાં ચંદનનું તિલક, ભક્તિમાં તરબોળ જોવા મળી

અમેરિકામાં બરફના તોફાને તબાહી મચાવી । લાખો ઘરોમાં વીજળી કપાઈ



07



07

રશિયાએ યુક્રેનના ખૂબ જ મહત્વપૂર્ણ શહેર કુરાખોવ પર કબજો કરી લીધો

### ૪૦ વાહનો જપ્ત, કરોડોનો મુદ્દામાલ કબજે

# અમરેલી જિલ્લામાં ખનીજ ચોરી અને ઓવરલોડ વાહનો સામે કડક કાર્યવાહી

**અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ, જિલ્લા તંત્ર દ્વારા ગેરકાયદેસર ખનીજ ચોરી અને ઓવરલોડ વાહનો સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી**

। પ્રતિનિધિ, અમરેલી,તા.૭ ।

અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ, જિલ્લા તંત્ર દ્વારા ગેરકાયદેસર ખનીજ ચોરી અને ઓવરલોડ વાહનો સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીમાં નદીઓની આસપાસની વિસ્તાર અને માર્ગો પર તપાસ કરીને ૪૦ જેટલા બિનઅધિકૃત વાહનોને જપ્ત કરવામાં આવ્યા છે. આ સાથે જ રૂ. ૩ કરોડ રૂપિયાથી વધુનો મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો છે.અમરેલી જિલ્લાના જાફરાબાદ, ખાંભા, લાઠી, રાજુલા સહિતના વિસ્તારોમાંથી આ વાહનો ઝડપાયા છે. આ વાહનોમાં ખનિજ તરીકે બલેક્ટ્રેપ પથ્થર, બેલા, રેતી જેવા મટિરિયલ ભરેલા હતા.



આ કાર્યવાહી અમરેલી જિલ્લામાં આ પ્રકારના ગેરકાયદેસર કાર્યોને અંકુશમાં લેવાના દિશામાં એક મહત્વનું પગલું માનવામાં આવે છે.કલેક્ટર દહિયાએ જણાવ્યું હતું કે, "જિલ્લામાં ખનીજ ચોરી અને ઓવરલોડ વાહનોની સમસ્યા ગંભીર બની રહી છે. આ સમસ્યાને ડામવા માટે અમે આ કાર્યવાહી હાથ ધરી છે. આગામી દિવસોમાં પણ આવી કાર્યવાહી ચાલુ રહેશે." આ કાર્યવાહીથી જિલ્લામાં ખનીજ ચોરી અટકશે અને પર્યાવરણને નુકસાન થતું અટકાવી શકાશે તેવી આશા રાખવામાં આવે છે. અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ, જિલ્લા તંત્ર દ્વારા ગેરકાયદેસર ખનીજ ચોરી અને ઓવરલોડ વાહનો સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)
જ્યોતિષી ડૉ.આર.જે.દવે (દવે ગુરૂજી)
જ્યોતિષશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્રમાં PHD
આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણથી સચોટ અને શાસ્ત્રીય માર્ગદર્શન
વિશ્વના ૨૦ ઉપરાંત દેશોમાં અસંખ્ય સંતુષ્ટ ગ્રાહક વર્ગ
વિકટ પરિસ્થિતિમાં બંધ પડેલ બિઝનેસ કારખાના કે N.P.A. થયેલ કંપનીઓને ફરીથી ધમધમતા કરવા માટે ખાસ મળો.
૧૨, પહેલોમાળ, કર્મવીર સામ્રાજ્ય, બેંક ઓફ બરોડાની ઉપર, વી.કે.વી.રોડ, નડીઆદ.
astroministry@gmail.com 99740 92777

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
જોશ, તાકાત અને ENERGY વધારો
Play Win Capsule
Play Win Oil
તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
100% Ayurvedic • No Side effects • 100% Vegetatrian • 17 Precious Herbs
ફક્ત પુરુષો માટે પ્લે-વિન કેપ્સ્યુલ
પ્લે-વિન-F
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો
21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું
Available on : Flipkart
બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે

ઓછું સાંભળવું ક્યાંક તમને તમારા પરિવારથી દૂર ન કરી દે. બહેરાશને અવગણશો નહિં....
નવા અદ્યતન ડીજીટલ હીયરીંગ એઈડ યોગ્ય સલાહ લઈ હીયરીંગ એઈડ (કાનનું મશીન) અપનાવો.
• ઓડીયોલોજીસ્ટ દ્વારા હીયરીંગ ટેસ્ટીંગ અને હીયરીંગ એઈડ પ્રીસ્ક્રીપ્સન
• ડીજીટલ હીયરીંગ મશીન્સ
• સરકારી કર્મચારી પેન્સનરોને રૂા.50,000/- સુધીના કાનના મશીનનું રીએમ્બેસમેન્ટ થઈ શકે છે.
• હીયરીંગ એઈડ ફક્ત રૂા.10,000/- થી શરૂ
• રીચાર્જેબલ હીયરીંગ એઈડ રૂા.24,000/- થી શરૂ
એપોઇન્ટમેન્ટ લઈને આવવું જરૂરી. સંપર્ક : 079-26765186, 9327901950
સહારા સ્પીચ એન્ડ હીયરીંગ ક્લિનીક
૩૦૧, કડકિયા હાઉસ, અંકુર ચાર રસ્તા, અંકુર બસ સ્ટોપ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩.
શોપ નં.૩-૪, જ્યોતિ પ્લાઝા, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫
દુકાન નં. ૧૦, પહેલો માળ, શ્રી ઉમિયા માતા કોમ્પલેક્ષ, ઊંઝા બસ ડેપો અંદર, ઊંઝા. M.: +91 7486035104, 9265615021

વીજળીના બિલને કરો (0)
Since 2013
Navkalp SOLAR
it's time to save
નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર
25 YEARS WARRANTY
ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની
Help Line +91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University
KAMLA AMRUT INSTITUTE OF NURSING
પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪
B.Sc. Nursing ૪ વર્ષનો કોર્ષ ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ (PCB + ENGLISH)
P.B.B.Sc. Nursing Post basic B.Sc. University ૨ વર્ષનો કોર્ષ G.N.M. પાસ
GNM General Nursing and Midwifery ૩ વર્ષનો કોર્ષ ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી
ઉપલબ્ધ સુવિધાઓ
▶ ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
▶ અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
▶ અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
▶ સ્માર્ટ ક્લાસરૂમ
▶ ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
▶ હોસ્ટેલની સુવિધા
▶ એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
▶ SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા
9638358158, 7567020200, 9313304367

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


## આગામી ૪૮ કલાકમાં શીત લહેરની આગાહી કરવામાં આવી

# ગુજરાતમાં શીત લહેરની આગાહી । અનેક જિલ્લાઓમાં તાપમાન ન્યૂનતમ ૮ ડીગ્રીએ પહોંચવાની શક્યતા

**મહેસાણા, પંચમહાલ, સાબરકાંઠામાં શીત લહેરની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં જોરદાર ઠંડી પડવાની આગાહી**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૭ ।



અમદાવાદઃ ગુજરાતમાં ફરીથી ઠંડીનો રાઉન્ડ શરૂ થયો હોય તેવો અનુભવ થઈ રહ્યો છે હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં કડકડતી ઠંડી પડે તેવી સંભાવના છે. આગામી ૪૮ કલાકમાં શીત લહેરની આગાહી કરવામાં આવી છે.ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી અનુસાર ગુજરાતના અનેક જિલ્લાઓમાં શીત લહેરની આગાહી કરવામાં આવી છે. મહેસાણા, પંચમહાલ, સાબરકાંઠામાં શીત લહેરની શક્યતા છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં જોરદાર ઠંડી પડવાની આગાહી કરી છે.હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ પોતાની સોશિયલ મીડિયા ચેનલ પર ગુજરાતના હવામાન અંગેની આગાહી કરી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, ''શનિવાર સુધીમાં ગુજરાતના કોઈપણ ભાગમાં માવઠાની શક્યતાઓ નથી. એટલે કોઈ ખેડૂત મિત્રોએ ચિંતા કરવાની જરૂર નથી. આ સાથે તેમણે જણાવ્યું કે, ''બે દિવસથી પવનમાં વધારો નોંધાઈ ચૂક્યો છે. હાલ પવનની સ્પીડ સામાન્ય કરતાં વધારે ચાલી રહી છે. ૧૪થી ૧૮ કિમીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ૧૫ જાન્યુઆરી સુધી આ પવનની ગતિ આવી જ રહેશે. આ સામાન્યથી થોડો જ વધારે પવનની ગતિ છે એટલે આપણે કોઈ ઊંચાઈવાળા પાકને આનાથી ખતરો થાય તેવું નથી.''આ સાથે તેમણે જણાવ્યું કે,''બે દિવસથી પવનમાં વધારો નોંધાઈ ચૂક્યો છે. હાલ પવનની સ્પીડ સામાન્ય કરતાં વધારે ચાલી રહી છે. ૧૪થી ૧૮ કિમીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ૧૫ જાન્યુઆરી સુધી આ પવનની ગતિ આવી જ રહેશે. આ સામાન્યથી થોડો જ વધારે પવનની ગતિ છે એટલે આપણે કોઈ ઊંચાઈવાળા પાકને આનાથી ખતરો થાય તેવું નથી.''પરેશ ગોસ્વામીએ જણાવ્યું કે, ''એકથી બે દિવસમાં તાપમાન થોડું નીચું જઈ શકે છે અને રાજ્યના અનેક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન સિંગલ ડિજિટમાં નોંધાશે. ઉત્તર ગુજરાતનું અમીરગઢ અને કચ્છના નલિયા જેવા વિસ્તારોમાં ૭થી બે ડિગ્રી સુધીનું તાપમાન પણ જઈ શકે છે. ૧૫ તારીખ સુધી ઠંડીનો રાઉન્ડ યથાવત રહેશે.''હવામાન નિષ્ણાતે એમ પણ જણાવ્યું કે, ''હાલ કાતિલ ઠંડી છે પરંતુ તેનાથી વધારે કોલ્ડવેવ પણ જોવા મળશે. એટલે પવનની ગતિની સાથે ઠંડીનો માહોલ પણ જોવા મળશે. તેમણે જણાવ્યું કે, ''૭થી ૧૦ તારીખ સુધી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત જેવા વિસ્તારોમાં ઝાકળ વર્ષા જેવો માહોલ જોવા મળે તેવી શક્યતાઓ છે.'' તેમણે જણાવ્યું કે, ''૭થી ૧૦ તારીખ સુધી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત જેવા વિસ્તારોમાં ઝાકળ વર્ષા જેવો માહોલ જોવા મળે તેવી શક્યતાઓ છે.''વલસાડના અનેક ભાગોમાં ઠંડી વધવાની આગાહી કરવામાં આવી છે. વલસાડના અનેક ભાગોમાં ઠંડી વધવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યના અનેક ભાગોમાં તાપમાનનો પારો ગગડવાની સંભાવના છે.

## બેંગ્લોર સુરતના વિદ્યાર્થીનું મોત, પાર્ટીમાં વધારે દારૂ પીતા બીજા માળેથી પટકાયો

। પ્રતિનિધિ, સુરત, તા.૭ ।

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, બેંગલુરુ (આઈઆઈએમ-બી)ના વિદ્યાર્થીનું તેની હોસ્ટેલના બીજા માળેથી પડી જવાથી મૃત્યુ થયું હતું. પોલીસે સોમવારે આ માહિતી આપી હતી, અધિકારીએ કહ્યું, 'મૃત્યુનું કારણ જાણવા માટે અમે પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહ્યા છીએ, જે કદાચ ત્રણ દિવસમાં આવશે.' સુરતમાં રહેતા નિલય કૈલાશભાઈ પટેલે શનિવારે તેનો ૨૯મો જન્મદિવસ તેના મિત્રો સાથે ઉજવ્યો હતો.નિલય મોડી રાત્રે તેના મિત્રના રૂમમાં કેક કાપીને તેના રૂમમાં ગયો હતો અને તેણે રવિવારે સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ તેને હોસ્ટેલના લૉનમાં પડેલો જોયો હતો, પોલીસના જણાવ્યા અનુસાર, સુરક્ષાકર્મીઓએ તેને જોયો અને તરત જ તેને લઈ ગયો હોસ્પિટલમાં ગયો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.આ ઘટનાને લઈ આઈઆઈએમ-બીએ એક્સ પર કરેલ પોસ્ટમાં લખ્યું હતું.

## આણંદમાં નરાધમ પિતરાઇ ભાઇએ મનોદિવ્યાંગ બહેન પર દુષ્કર્મ આચર્યું

। પ્રતિનિધિ, આણંદ, તા.૭ ।

આણંદમાં ભાઈ-બહેનનાં સબંધને શર્મસાર કરતી ઘટના બનવા પામી છે. મનો દિવ્યાંગ સગીરા સાથે પિતરાઈ ભાઈએ દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવતા પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.આણંદનાં આંકલવા ગામે ભાઈ-બહેનનાં પવિત્ર સબંધને શર્મસાર કરતી ઘટના બનવા પામી હતી. જેમાં સગીરાની એકલતાનો લાભ લઈ પિતરાઈ ભાઈએ અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું. જેને પગલે મહિલા ગર્ભવતી થતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. ત્યારે આ અંગે આંકલવા પોલીસે શખ્સને ઝડપી પાડી તેની સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ આણંદનાં આંકલાવ ગામે રહેતી દિવ્યાંગ સગીરા પર તેનાં જ પિતરાઈ ભાઈએ અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારે ૨ જાન્યુઆરીનાં રોજ સગીર પુત્રીને પેટમાં દુઃખાવો થતા માતા-પિતા તેને હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયા હતા.

## રાજકોટમાં શિક્ષક વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ, અશ્લીલ વીડિયો બતાવી વિદ્યાર્થીનીની છેડતી કરી હતી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૮ ।

રાજકોટમાં કુવાડવામાં બેડી વાછકર ગામની શાળામાં લંપટ શિક્ષકે અશ્લીલ વીડિયો બનાવી વિદ્યાર્થીનીની છેડતી કરી હતી. જેથી શિક્ષક વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. પોલીસે પોક્સો અંતર્ગત ફરિયાદ નોંધી છે.કુવાવડા ગામે શિક્ષક કમલેશ અમૃતિયાએ ધોરણ ૫ની વિદ્યાર્થીનીને ન્યૂડ વીડિયો બતાવી છેડતી કરી હતી. બેડી વાછકપર ગામમાં શિક્ષકે અશ્લીલ હરકતો કરતા બાળકી ડઘાઈ ગઈ હતી. આ મામલે માતાપિતા, ગ્રામજનોને માલૂમ પડતા ૫ સભ્યોની તપાસ ટીમની રચના કરાઈ છે. શિક્ષક વિરૂદ્ધ ડીઈઓ દિક્ષિત પટેલે નિવેદન આપ્યું છે, તપાસ કમિટી બનાવી સખ્ત કાર્યવાહી કરાશે. ગ્રામજનો, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીનીઓના નિવેદન લેવાશે.અગાઉ મહીસાગરમાં એક લંપટ શિક્ષકે વિદ્યાર્થીનીની છેડતી કરતા ચકચાર મચી ગઈ છે અને લોકોનો રોષ ફાટી નકળ્યો છે. મહીસાગરના વીરપુર ખાતે છેડતીનો આ બનાવ બન્યો હતો. જેમાં વીરપુર ગામના રણજીતપુરા ગામની સ્કૂલમાં આ અઘટિત ઘટના બની હતી. । પ્રતિનિધિ, રાજકોટ, તા.૮ ।રાજકોટમાં કુવાડવામાં બેડી વાછકર ગામની શાળામાં લંપટ શિક્ષકે અશ્લીલ વીડિયો બનાવી વિદ્યાર્થીનીની છેડતી કરી હતી.

## સમગ્ર મામલે ૭ કૌભાંડીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી

# રાજ્યમાં ટેકાના ભાવે જણસીની ખરીદીમાં વિરમગામમાં ઝડપાયું કરોડોનું કૌભાંડ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૭ ।

વિરમગામમાં ટેકાનાં ભાવે ડાંગરની ખરીદીમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. ડાંગર આપ્યા વગર ખોટા બિલ મુકી દેવાયા હતા. આ સમગ્ર મામલે ૭ કૌભાંડીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.વિરમગામમાં ટેકાના ભાવે ખરીદાયેલ ડાંગરમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. ટેકાના ભાવે જણશીની ખરીદીમાં ગુજરાતમાં ફરી એકવાર મોટું કૌભાંડ સામે આવ્યું છે. ડાંગર આપ્યા વિના ખોટા બિલ મુકીને સરકાર પાસેથી પૈસા લઈ લીધા હતા. ૨૦૨૩માં ખેડૂતોને સદ્ધર કરવા સરકારે ખરીદી કરી પણ કૌભાંડીઓ કળા કરી ગયા ગુજરાતમાં ડાંગર ખરીદીમાં થયેલું સૌથી મોટું કૌભાંડ વિરમગામમાં છતું થયું છે.સરકારી કર્મચારી-ખરીદી એજન્સીએ ભેગા મળીને ૩.૬૭ કરોડનું કૌભાંડ કર્યું હતું. વિરમગામ મામલતદારે તપાસ કરીને ૭ કૌભાંડીઓ સામે ફરિયાદ નોંધાવી છે. મામલતદારની તપાસમાં પ્રાથમિક ૩.૬૭ કરોડની ડાંગર ગુમ થઈ છે. ત્યારે તપાસમાં એગ્રીકલ્ચર એપ્રેન્ટિસે સ્વીકાર્યું કે ઈજારેદાર સુફીયાન મંડલીના કહેવાથી ખોટા બિલ મુક્યા હતા. મામલતદારે ઉંડાણથી કરેલી તપાસમાં કૌભાંડીઓએ કરેલ કાળા કામ છતા થઈ ગયા હતા. આશ્ચર્ય વચ્ચે હજુ સુધી ૭ માંથી એક પણ આરોપીની પોલીસે ધરપકડ કરી નથી. ટેકાનાં ભાવે જણસીની ખરીદીમાં કૌભાંડ કરવામાં આવ્યું છે. ત્યારે આ સમગ્ર કૌભાંડ ખુદ સરકારી કર્મચારી-ખરીદ એજન્સીએ ભેગા મળીને આચર્યું હોવાનું સામે આવી રહ્યું છે. ત્યારે આ સમગ્ર મામલે આગામી સમયમાં વિરમગામ પોલીસ દ્વારા કૌભાંડીઓની ધરપકડ કરવાની શક્યતાઓ સેવાઈ રહી છે. વિરમગામમાં ટેકાનાં ભાવે ડાંગરની ખરીદીમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. ડાંગર આપ્યા વગર ખોટા બિલ મુકી દેવાયા હતા. આ સમગ્ર મામલે ૭ કૌભાંડીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.વિરમગામમાં ટેકાના ભાવે ખરીદાયેલ ડાંગરમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. ટેકાના ભાવે જણશીની ખરીદીમાં ગુજરાતમાં ફરી એકવાર મોટું કૌભાંડ સામે આવ્યું છે.

## રાજકોટમાં ખોવાયેલો મોબાઈલ પરત કરવા એક હજારની લાંચ લેતા મહિલા કોન્સ્ટેબલ ઝડપાઈ

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૭ ।

રાજકોટ ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પરજ બજાવતી મહિલા પોલીસ કોન્સ્ટેબલ અનીતાબેન ઈશ્વરભાઈ વાઘેલાની એસીબીના અધિકારીઓએ લાંચ લેતા ધરપકડ કરી હતી. આ કેસની વિગત મુજબ ફરિયાદીનો મોબાઈલ ખોવાઈ જતા તેણે ગાંદીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.આ મોબાઈલ મળી જતા ફરિયાદી મોબાઈસ લેવા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જોકે ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ નોંધાવતા અધિકારીઓએ ગાંદીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના સાયબર વિભાગ રૂમમાં જાળ બિછાવીને ફરિયાદી પાસેથી રૂ.૧,૦૦૦ ની લાંચ લેતા મહિલા કોન્સ્ટેબલની ધરપકડ કરી હતી. રાજકોટ ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પરજ બજાવતી મહિલા પોલીસ કોન્સ્ટેબલ અનીતાબેન ઈશ્વરભાઈ વાઘેલાની એસીબીના અધિકારીઓએ લાંચ લેતા ધરપકડ કરી હતી.

## અમદાવાદમાંથી રિક્ષામાં બેસાડીને પેસેન્જરોના દાગીના ચોરી લેતી ટોળકી ઝડપાઇ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

વૃદ્ધ મહિલાઓને રિક્ષામાં બેસાડી સોનાના દાગીના ચોરી કરતી ટોળકી ઝડપાઈ છે. ક્રાઈમ બ્રાન્ચે મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી ૯ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. કુલ ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. મહત્વનું છે કે છેલ્લા ૨ મહિનામાં જ નવ જેટલા ગુનાને અંજામ આપી ટોળકીએ અમદાવાદ છોડી દીધું હતું. પરંતુ વધુ ગુનાને અંજામ આપવા આવતા ટોળકી ઝડપાઈ છે.આ ટોળકી વૃદ્ધ મહિલા અને અશક્ત લોકોને રિક્ષામાં બેસાડી તેમના સોનાના દાગીના કાપી ચોરી કરતી હતી.ક્રાઈમ બ્રાન્ચે રીક્ષા માલિક સલમાન ખાન પઠાણ તથા તેના બે સહ આરોપી વિક્રમ દંતાણી અને આશા ઉર્ફે જાનુ દેવીપુજકની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી ૮ લાખથી વધુની કિંમતની સોનાની બંગડીઓ તથા દાગીના સાથે કુલ ૧૦ લાખથી વધુનો મુદામાલ કબજે કર્યો છે.




### ગુજરાતના ખેડૂતોએ ચાલુ સિઝનમાં રવિ પાકોનું પુષ્કળ વાવેતર કર્યું

# રાજ્યમાં સૌથી વધુ ૧૩.૪૨ લાખ હેક્ટરમાં ઘઉં પાકનું રેકોર્ડબ્રેક વાવેતર : મંત્રી રાઘવજી પટેલ

**ગુજરાતમાં ગત ત્રણ વર્ષ દરમિયાન રવિ પાકોનો સામાન્ય વાવેતર વિસ્તાર સરેરાશ ૪૬.૦૭ લાખ હેક્ટર**

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૭ ।

ગુજરાતના ખેડૂતોએ ચાલુ સિઝનમાં રવિ પાકોનું પુષ્કળ વાવેતર કર્યું છે. સિઝનના સારા વરસાદ અને ગત વર્ષે ખેડૂતોને રવિ પાકના મળેલા રેકોર્ડ બ્રેક ભાવના પરિણામે આ વર્ષે વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં ગત ત્રણ વર્ષ દરમિયાન રવિ પાકોનો સામાન્ય વાવેતર વિસ્તાર સરેરાશ ૪૬.૦૭ લાખ હેક્ટર રહ્યો છે. જેની સામે ચાલુ વર્ષે માત્ર અત્યાર સુધીમાં જ ગુજરાતના ખેડૂતોએ ૪૭.૫૫ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર કર્યું છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં હજુ પણ રવિ પાકોનું વાવેતર ચાલુ હોવાથી વાવેતરનો આંકડો વધવાની સંપૂર્ણ સંભાવના છે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. ગુજરાતના ખેડૂતો માટે આ વર્ષ પણ ખૂબ જ લાભદાયી નીવડશે, તેમ જણાવી કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, ભારતના



કુલ ઘઉં ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો મહત્વપૂર્ણ છે. રાજ્યમાં દર વર્ષે રવિ ઋતુ દરમિયાન ઘઉંનું સૌથી વધારે વાવેતર થાય છે. એ જ અનુક્રમને જાળવી રાખતા આ વર્ષે પણ ગુજરાતમાં ઘઉં પાકનું સૌથી વધુ વાવેતર થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૩.૪૨ લાખ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું રેકોર્ડબ્રેક વાવેતર નોંધાયું છે. જે ગત વર્ષની સરખામણીએ ૧૦૯ ટકા જેટલું છે. આ ઉપરાંત ધાન્ય પાકમાં મકાઈનું પણ આ વર્ષે કુલ ૧.૩૨ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૧૮.૯૨ ટકા જેટલું છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યમાં કઠોળ પાકમાં ચણાનું પણ મબલખ વાવેતર નોંધાયું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યના આશરે ૬.૨૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર નોંધાયું હતું, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૮.૩૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર થયું છે. એટલે કે, ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ચણાનું વાવેતર ૧૩૩.૩૮ ટકા જેટલુ થયું છે. તેવી જ રીતે, અત્યાર સુધીમાં રાજ્યમાં જીરા પાકનું ૪.૭૪ લાખ હેક્ટર વિસ્તારમાં તેમજ તેલીબીયા પાકોમાં રાઈનું કુલ ૨.૫૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. ગુજરાતમાં ચાલુ રવિ સિઝન દરમિયાન બટેકા અને ડુંગળીનું પણ મબલખ વાવેતર જોવા મળ્યું છે. ગત વર્ષે ડુંગળીનું આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૬૯ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૯૨ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૩૩.૩૩ ટકા જેટલુ છે. આટલું જ નહિ, બટાટા પાકનું ગત વર્ષે આ સમયગાળા દરમિયાન આશરે ૧.૩૫ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું.

### કોમર્શિયલ મિલકતધારકોએ લાંબા સમયથી વેરો ન ભરતા મિલકતો ટાંચમાં

## સુરત મનપાએ વેરા વસૂલાત કરવા ઝુંબેશ હાથ ધરી, એક જ દિવસમાં ૭૮.૯૦ લાખ વસૂલ્યા

। પ્રતિનિધિ, સુરત,તા.૭ ।

સુરત લિંબાયત વિસ્તારમાં સુરત મનપાએ વેરા વસૂલાત કરવા ઝુંબેશ હાથ ધરી છે. કોમર્શિયલ મિલકતધારકોએ લાંબા સમયથી વેરો ન ભરતા મિલકતો ટાંચમાં લીધી છે. એક જ દિવસમાં ૭૯ લાખની વસૂલાત કરતા કરચોરોમાં ફફડાટ ફેલાયો છે.સુરતમાં મનપા દ્વારા લિંબાયત ઝોનમાં વેરા વસૂલવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. કોમર્શિયલ મિલકતધારકોએ લાંબા સમયથી વેરો ભર્યો નહતો. જેથી નોટિસ આપવામાં આવી હતી. પરંતુ નોટિસનો કોઈ જવાબ ન આપતા આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. મનપાની ઝુંબેશ થકી રૂપિયા ૭૮.૯૦ લાખની વસૂલાત કરાઈ છે. મનપા દ્વારા મિલકતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવી છે. મિલકતો સીલ કરાતા મિલકતધારકોએ વેરાની ભરપાઈ કરી છે.સુરત મનપાને એક જ દિવસમાં રૂપિયા ૭૮.૯૦ લાખની વસૂલાત કરી છે. ૬ જાન્યુઆરી સુધીમાં ૧૮૨.૦૮ કરોડના વેરાની વસૂલાત થઈ છે, ૩૧૪.૫૯ કરોડ વસૂલાતની ડિમાન્ડની સામે ૧૮૨.૦૮ કરોડના વેરાની વસૂલાત કરાઈ હતી.

આમ લિંબાયત ઝોન દ્વારા એક જ દિવસમાં કુલ રૂપિયા ૭૮,૯૦,૦૦૦ ની વસૂલાત કરી હતી. । સુરત લિંબાયત વિસ્તારમાં સુરત મનપાએ વેરા વસૂલાત કરવા ઝુંબેશ હાથ ધરી છે. કોમર્શિયલ મિલકતધારકોએ લાંબા સમયથી વેરો ન ભરતા મિલકતો ટાંચમાં લીધી છે. એક જ દિવસમાં ૭૯ લાખની વસૂલાત કરતા કરચોરોમાં ફફડાટ ફેલાયો છે.સુરતમાં મનપા દ્વારા લિંબાયત ઝોનમાં વેરા વસૂલવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. કોમર્શિયલ મિલકતધારકોએ લાંબા સમયથી વેરો ભર્યો નહતો. જેથી નોટિસ આપવામાં આવી હતી. પરંતુ નોટિસનો કોઈ જવાબ ન આપતા આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. મનપાની ઝુંબેશ થકી રૂપિયા ૭૮.૯૦ લાખની વસૂલાત કરાઈ છે. મનપા દ્વારા મિલકતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવી છે. મિલકતો સીલ કરાતા મિલકતધારકોએ વેરાની ભરપાઈ કરી છે. સુરત મનપાને એક જ દિવસમાં રૂપિયા ૭૮.૯૦ લાખની વસૂલાત કરી છે. ૬ જાન્યુઆરી સુધીમાં ૧૮૨.૦૮ કરોડના વેરાની વસૂલાત થઈ છે.

## સાવલીમાં ઈંટોના ભઠ્ઠાના માલિક સામે મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી

। માહિતી બ્યુરો, વડોદરા, તા.૭ ।

વડોદરાના સાવલીમાં ઈંટોના ભઠ્ઠાના માલિક સામે મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ છે. સાવલી તાલુકાના ભાદરવા પોલીસ મથકે મહિલાએ ફરિયાદ નોંધાવી છે.વડોદરામાં સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્યની ઘટના બનતા ચકચાર મચી છે. ઈંટોના ભઠ્ઠાના માલિક કાલુ પઠાણ અને એનુલ પઠાણે મહિલાને ઓફિસમાં બોલાવીને દુષ્કર્મ આચર્યુ હતું. બાદમાં મહિલાને પતિને મારી નાખવાની ધમકી આપી હતી. ભઠ્ઠાના માલિક બે સગા ભાઈઓ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. સાવલી તાલુકાના ભાદરવા પોલીસ મથકે મહિલા સાથે દુષ્કર્મની ફરિયાદ કરાઈ છે.ઈંટોના ભઠ્ઠાના માલિક કાલું શરમ તુલ્લાહ પઠાણ અને એનુલ હસન શરમ તુલ્લાહ નામના ઈસમો સામે ફરિયાદ નોંધાઈ છે. મહિલાને ૨૫ મી ડિસેમ્બરની રાત્રે ૧૧ વાગે ઓફિસમાં બોલાવી એનુલ હશન પઠાણ નામના ઈસમે દુષ્કર્મ આચરીને મહિલાના પતિને માર મારવાની ધમકી આપી હતી. જેથી ભાદરવા પોલીસે મહિલાની ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. વડોદરાના સાવલીમાં ઈંટોના ભઠ્ઠાના માલિક સામે મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ છે. સાવલી તાલુકાના ભાદરવા પોલીસ મથકે મહિલાએ ફરિયાદ નોંધાવી છે.વડોદરામાં સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્યની ઘટના બનતા ચકચાર મચી છે.






## તંત્રી લેખ..

# માતૃત્વ પ્રત્યે લોકાચાર

સમાજમાં મહિલાઓને આપવામાં આવતા સન્માનને લઈને નારા તો ખુબ લગાવવામાં આવે છે પરંતુ માતૃત્વના પ્રત્યે તે સંવેદનશીલતા લોકાચારમાં જોવા મળી રહી નથી જેની અપેક્ષા તમામ લોકો હમેંશા કરતા રહે છે. માતૃત્વ અવકાશ અને સંવેદનહીનતાની સ્થિતી પ્રવર્તી રહી છે. નોકરી કરતી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનમુક્ત માહોલની જરૂર હોય છે પરંતુ અમારા દેશમાં આનો કેટલો અભાવ રહેલો છે તે બાબત નવજાત શિશુના મોતના આંકડાથી પણ જાણી શકાય છે. ખાસ કરીને નોકરી કરતી મહિલાઓ ગર્ભવતી થવાની સાથે જ તેના માટે નોકરીનુ સ્થળ નફા નુકસાન પર આધારિત એવુ સ્થાન બની જાય છે કે જ્યાં રજા લેવાની બાબત તેના માટે અભિશાપ સમાન બની જાય છે. સાથે સાથે પરત નોકરી પર ફરવાની બાબત તેના માટે ધુંધળી બની જાય છે. તાજેતરમાં જ કર્મચારીઓને મળનાર સુવિધાને લઈને ભારે ચર્ચા જામી હતી. કર્મચારીઓને મળનાર સુવિધા પર કામ કરનાર સંસ્થા ટીમલીઝના ૩૦૦ કંપનીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા હતા. તેના અભ્યાસ બાદ જે સર્વેના તારણ જારી કરવામાં આવ્યા છે તે તમામ લોકોની આંખ ખોલે તેવા રહ્યા છે. તેના મુજબ વર્ષ ૧.૬ ટકાથી ૨.૬ ટકા મહિલાઓની નોકરી જઇ શકે છે. અથવા તો ૧૧ લાખથી ૧૮ લાખ મહિલાઓની નોકરીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. જો કે વર્ષ ૨૦૧૮માં ભારતમાં નોકરી કરતી મહિલાઓમાટે કાર્યના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેના પરિવારની જવાબદારીની વચ્ચે સંતુલન જાળવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કાયદામાં ફેરફારો કરીને પ્રસુતિ રજાની અવધિ વધારી દેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આને દેશ માટે મોટી સિદ્ધી તરીકે ગણાવીને કહ્યુ છે કે તેમના મનને ખુબ શાંતિ થઇ રહી છે. પોતાના મન કી બાત કાર્યક્રમમાં મોદી આ અંગેની વાત કરી ચુક્યા છે. ભારતમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૨૦૦૫માં ૩૭ ટકા હતી જે ઘટીને ૨૦૧૩માં ૨૭ ટકા થઇ ગઇ હતી. વધવાના બદલે મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટવાની બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. આઠ વર્ષમાં ૧૦ ટકાના ઘટાડાને કામકાજ કરતી મહિલાની જવાબદારીની સાથે જોડીને જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીની આશાની બિલકુલ વિરુદ્ધમાં આ કાયદો નોકરી કરતી મહિલાઓની પરેશાની માટે કારણ બની ગયુ છે. કામકાજી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનફ્રી માહોલની જરૂર હોય છે. પરંતુ અમારા દેશમાં આનો ભારે અભાવ રહેલો છે. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે. અમારા દેશમાં નવજાત શિશુના મૃત્યુના આંકડા ખતરનાક અને ચિંતા ઉપજાવે તેવા રહેલા છે.

# ઇંડામાં રહેલા વિટામિન અને મિનરલ શરીરને પૌષક તત્વ પ્રદાન કરે છે

કોરોના કાળમાં લોકો ઈમ્યુનિટી પાવરને વધારી દેવા માટે તમામ પ્રયોગ કરી રહ્યા છે. રોગ પ્રતિકારક શક્તિ વધે તેવી ચીજ વધારે પ્રમાણમાં લોકો ખાઈ રહ્યા છે. ઈંડા કોરોના કાળમાં ખુબ ઉપયોગી છે. સન્ડે હો યા મન્ડે રોજ ખાવો અંડેની લાઈન આપે કોઈને કોઈ જગ્યાએ સાંભળી અથવા તો વાંચી હશે. ઈંડા જેને એગ પણ કહેવામાં આવે છે. તેના ખાવાના અનેક ફાયદા રહેલા છે. તેમાં રહેલા વિટામિન અને મિનરલ શરીરને પૌષક તત્વ પ્રદાન કરે છે. પહેલા લોકો ઈંડાને માંસાહરી તરીકે ગણતા હતા. સામાન્ય રીતે હજુ પણ કેટલાક લોકોને તેને માંસાહરી તરીકે ગણે છે. જો કે હવે ઈંડા ખાનાર એક અલગ વર્ગ તરીકે છે. પહેલા જ્યાં એક વેજિટેરિયન અને નોન વેજિટેરિયન વર્ગ રહેતા હતા. હવે ત્રીજા વર્ગ તરીકે એગ્ગિટેરિયન છે. આ એ વર્ગ છે જે માંસ ખાતા નથી પરંતુ ઈંડા ખાય છે. ઈંડામાં અનેક પ્રકારના પૌષક તત્વો હોવાના કારણે તેની અવગણના કોઈ કરી શકે તેમ નથી. તબીબો તમામને ઈંડા ખાવાની સલાહ આપે છે. ઈંડાને ઉકાળીને અથવા તો કોઈ રેસિપીમાં ઉપયોગ લઈ શકાય છે. એક ગરમ પાણીમાં ઉકાળી દેવામાં આવેલા ઈંડામાં પૌષક તત્વોની વાત કરવામાં આવે તો તેમાં ફોસ્ફોરસનુ પ્રમાણ નવ ટકા, વિટામિન બી-૨નુ પ્રમાણ ૧૫ ટકા, વિટામિન બીપાંચનુ પ્રમાણ સાત ટકા અને વિટામિન બી૧૨ પ્રમાણ નવ ટકા રહે છે. કેલોરી ૭૭ અને કોલેસ્ટ્રોલ ૧૯૫ એમજી રહે છે. સોડિયમનુ પ્રમાણ તેમાં ૬૫ એમજી સુધી રહે છે. આયરનનુ પ્રમાણ છ ટકા રહે છે. પોટેશિયમનુ પ્રમાણ ૧૨૬ એમજી રહે છે. આ તમામ તત્વોની ઉપસ્થિતી ઈંડામાં રહેલી છે જે દર્શાવે છે કે કેટલી હદ સુધી ઈંડા ઉપયોગી રહેલા છે. પૌષક તત્વોના ફાયદાની વાત કરવામાં આવે તો આયરન એનિમિયાને દુર કરે છે. ઓક્સીજન પ્રવાહ સમગ્ર શરીરમાં કરાવે છે. ઈંડામાં રહેલા આયરન સરળ રીતે સમગ્ર શરીરમાં ભળી જાય છે. વિટામિન એ સ્કીનને હેલ્થી રાખે છે. આરોગ્ય માટે ખૂબ ફાયદાકારક છે તેવું તારણ અભ્યાસમાં વારંવાર આપવામાં આવ્યું છે. હવે ફરીએકવાર આવું તારણ અમેરિકાનાં નિષ્ણાંતે આપ્યું છે. તેમણે કહ્યું છે કે, હાર્ટ માટે ઈંડા આદર્શ છે. અમેરિકાનાં ઈંડા સાથે સંબંધિત નિષ્ણાંત ડૉ. ડોન મેકનામારાએ ભારપૂર્વક કહ્યું છે કે, ઈંડાને લઈને લોકોમાં ઘણી ખોટી માન્યતાઓ પ્રવર્તે છે. ઈંડા ખતરનાક છે તેવું તારણ ઘણાં અભ્યાસમાં આપવામાં આવી ચૂક્યું છે પરંતુ હવે ઈંડા હાર્ટ માટે આદર્શ હોવાની વાત કરવામાં આવી છે.



## ૩.૭ લીટર પાણી પુરૂષ, ૨.૭ લીટર પાણી મહિલા રોજ પીવે તે જરૂરી

**શરીર માટે પાણી કેમ જરૂરી છે તેને લઇને હમેંશા પ્રયોગ થતા રહ્યા છે પુરતા પ્રમાણમાં શરરીમાં પાણી હોવાના કારણે શરીરમાં ચુસ્તી અને ઉર્જા બનેલી રહે છે થાકનો અનુભવ થતો નથી દુષિત તત્વો યુરિન અને પરસેવા તરીકે શરીરની બહાર નિકળે છે**

# પાણીની કમીથી એલર્જીની શંકા છે

**પાણીને પાંચ મિનિટ સુધી તેજ આગ પર ઉકાળી લેવાથી હાનિકારક જીવાણુ સંપૂર્ણપણે નષ્ટ થઇ જાય છે : પાણી શરીર માટે ઉપયોગી છે**



પાણીમાં કેટલીક વખત જીવાણુની સાથે ઝેરી તત્વો પણ મિક્સ થઇ જાય છે. આના કારણે બિમારી થઇ શકે છે. દર વર્ષે ૨૨મી માર્ચના દિવસે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દુષિત પાણીના કારણે કેટલીક બિમારી ફેલાઇ જાય છે. શરીર માટે પાણી કેમ જરૂરી છે તેને લઈને હમેંશા પ્રયોગ થતા રહ્યા છે. પુરતા પ્રમાણમાં શરરીમાં પાણી હોવાના કારણે શરીરમાં ચુસ્તી અને ઉર્જા બનેલી રહે છે. થાકનો અનુભવ થતો નથી. દુષિત તત્વો યુરિન અને પરસેવા તરીકે શરીરની બહાર નિકળે છે. આના કારણે શરીરમાં ફાઇબર સારી રીતે અવશોષિત થઇ જાય છે. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે અથવા તો ઈમ્યુનિટી પાવર વધી જાય છે. તે જોડમાં લુબ્રિકેશનને વધારે છે. વજન આના કારણે નિયંત્રિત રહે છે.

પાણીની કમી થવાની સ્થિતીમાં એલર્જી થવાનો ખતરો વધે છે. ફેફસામાં ઈન્ફેક્શન, અસ્થમા અને આંતરડાની બિમારીને દુર કરે છે. શરદી, ગરમી અને કિડનીની બિમારીથી પણ બચાવે છે. આના કારણે લોહીમાં પાણીનુ પ્રમાણ ઘટી જાય છે. બ્લડ પ્રેશર વધી જાય છે. આ ઉપરાંત પાણીમાં અનેક પ્રકારના મિનરલ હોય છે. જે કેટલાક રોગથી બચાવે છે. દુષિત પાણીમાં વાયરસ હોવાન કારણે કમળા સહિતના કેટલાક રોગ થઇ શકે છે. પાણીમાં કેટલીક ચીજો મિક્સ હોય છે. પાણીમાં આર્સેનિક ફ્લોરાઇડ, કેડમિયમ, લેડ, મરકરી, નિકોલ, સિલ્વર, લોખંડ અને મેગનીજ, કેલ્શિયમ , બોરિયમ, ક્રોમિયમ અને કોપર હોય છે. જેવા હેવી મેટલની સાથે સાથે નાઇટ્રેટ, સ્લફેટ, બોરેટ અને કાર્બોનેટ જેવા લવણ પણ મિક્સ કરેલા હોય છે. આના કારણે આંતરડામાં બળતરા, લોહીની કમી, કેન્સર, સ્ટ્રોક, હાર્ટ સાથે સંબંધિત રોગ, ગરદન તેમજ અન્ય કેટલીક બિમારી થાય છે. પાણીને શુદ્ધ કરવા માટે સૌથી પહેલા પાંચ મિનિટ સુધી તેને તેજ આગ પર ગરમ કરવામાં આવે છે. જેના કારણે તેમાં હાનિકારક તત્વો નષ્ટ થઈ જાય છે. ક્લોરીનની ૧૬ બુન્દથી ચાર લીટર પાણી શુદ્ધ થઈ શકે છે.

૨૦ લીટર પાણીમાં ક્લોરીનની એક બુન્દ નાંખીને તેને એક કલાક બાદ ઉપયોગમાં લઈ શકાય છે. પહેલા પીવાની બાબત યોગ્ય નથી.જનરલ ડાયાબિટીશ કેરમાં ફ્રાંસના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો એક દિવસમાં બે ગ્લાસ અથવા તો તેનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં હાઈ બ્લડ સુગરનું સ્તર જોવા મળે છે. તેના કારણે આ પ્રકારના લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત થઈ શકે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં ડાયાબિટીશનો ખતરો વધી જાય છે. ૩૬૧૫ પુખ્તવયના લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વોટર થેરાપી ખૂબ જ ઉપયોગી છે. ૩૦થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઈને આ અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસની શરૂઆતમાં આ તમામ લોકોમાં સામાન્ય બ્લડ સુગરની સપાટી હતી. નવ વર્ષના અભ્યાસના ગાળા બાદ અભ્યાસના ભાગરૂપે રહેલાં ૫૬૫ લોકોને હાઈ બ્લડ સુગરની તકલીફ જોવા મળી હતી અને ૨૦૨ લોકોમાં ટાઈપ-૨ ડાયાબિટીશની અસર દેખાઈ હતી. દરરોજ બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં હાઈ બ્લડ સુગર થવાની શક્યતા ૨૮ ટકા ઓછી છે. જે લોકોએ આનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં ખતરો વધારે છે. આ જોખમ હાર્મોન સાથે સીધી રીતે સંબંધિત છે. આનો મતલબ એ થયો કે મોટાપ્રમાણમાં પાણી ખૂબ જ ઉપયોગી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે શરીરમાં ૬૦ ટકા હિસ્સા પાણીમાં છે. તે કુલ વજનના ૯૦ ટકાની આસપાસ હોય છે. નિષ્ણાંતો કહે છે કે દરેક પુરૂષને ૩.૭ લીટર પાણી અને દરેક મહિલાને ૨.૭ લીટર પાણીની દરરોજ જરૂર હોય છે. આનાથી ઓછા પ્રમાણમાં પાણી પિનારને કેટલાક ખતરા રહેલા હોય છે.



## ગેંગવોરની સ્થિતી છે ત્યારે શાંતિ સ્થાપિત કરવાનો યોગ્ય સમય...

**હકીકતમાં બસ્તરના આદિવાસીઓના કારણે જ અહીં નક્સલવાદીઓ હજુ સુધી સક્રિય થયેલા હતા. જેથી હવે પ્રભાવિત આદિવાસીઓને જ આ ઝુંબેશ સાથે જોડી દેવામાં આવ્યા છે જેથી સરકાર અને નક્સલવાદીઓને વાતચીત માટે તૈયાર કરી શકાશે**

# બસ્તરમાં રક્તપાત રોકવા માટે તૈયારી

**ઝારખંડ, છત્તિસગઢ અને માઓવાદીગ્રસ્ત વિસ્તારોમાં જુદા જુદા જુથ પ્રભુત્વની લડાઇ લડી રહ્યા છે : આદિવાસીઓ હવે સાથ છોડી રહ્યા છે**



બસ્તર અને સંપૂર્ણ દણ્ડકારણ્ય વિસ્તારમાં છેલ્લા ચાર દશકોથી રક્તપાતનો દોર જારી રહ્યો છે. આ રક્તપાતના દોરને રોકવા માટે હવે સ્થાનિક આદિવાસી પણ સામે આવી રહ્યા છે. જેથી સરકાર માટે સારી તક છે. ૧૫૦ આદિવાસી લોકો પણ તેમના સાથીઓની સાથે શાંતિ પદયાત્રા યોજી રહ્યા છે. તેમનો મુખ્ય હેતુ રક્તપાતનો અંત લાવવા માટેનો રહેલો છે. તેમનો હેતુ છે કે નક્સલવાદીગ્રસ્ત વિસ્તારમાં રહેતા લોકો વાતચીત મારફતે કોઈ રસ્તો શોધી કાઢે અને તમામ સમસ્યાનો ઉકેલ આવી શકે. નિર્દોષ લોકોની હત્યાને રોકવામાં આવે. હકીકતમાં બસ્તરના આદિવાસીઓના કારણે જ અહીં નક્સલવાદીઓ હજુ સુધી સક્રિય થયેલા હતા. જેથી હવે પ્રભાવિત આદિવાસીઓને જ આ ઝુંબેશ સાથે જોડી દેવામાં આવ્યા છે. જેથી સરકાર અને નક્સલવાદીઓને વાતચીત માટે તૈયાર કરી શકાશે. દણ્ડકારણ્ય વન્ય વિસ્તારમાં વર્ષ ૧૯૮૦માં ભારે વરસાદ થયા બાદ સાત નક્સલવાદીઓના સાત દળોએ પ્રવેશ કરી લીધો હતો. એ વખતે મધ્ય ભારતમાં નક્સલવાદી આંદોલનની શરૂઆત થઇ હતી. આ અલગ વાર્તા છે કે નક્સલવાદીઓ મધ્ય ભારતમાં ક્રાન્તિ કરવા માટે નહીં બલ્કે હકીકતમાં તો છુપાવવા માટે આવ્યા હતા. આશરે વર્ષ ૧૯૯૦ સુધી તેમની સાથે કોઈ આદવાસી જોડાયા ન હતા. ત્યારે નક્સલવાદીઓની મદદ કરનાર પર હુમલા કરવાની સરકારે શરૂઆત કરી દીધી હતી. ૮૦ અને ૯૦ના દશકમાં મોટી સંખ્યામાં તત્કાલીન આંધ્રપ્રદેશમાંથી તેલુગુ ભાષી માઓવાદી દણ્ડકારણ્યમાં આવતા રહ્યા હતા. આંધ્રપ્રદેશમાં નક્સલી આંદોલનના પતનથી આ સંખ્યામાં વધારો થયો હતો. આજે પણ માઓવાદી પાર્ટીના ટોપના તેલુગુ નેતા છે. આ આશરે ૪૦ વર્ષના ગાળામાં માઓવાદી પાર્ટીના પોલિટબ્યુરો અથવા તો સેન્ટ્રલ કમિટીમાં છત્તિસગઢના કોઈ પણ આદિવાસી નથી. જે આજકલ તેમના મુખ્ય કેન્દ્ર તરીકે છે. આ બાબત સાચી છે કે વર્ષ ૧૯૯૦ બાદથી અને ખાસ કરીને વર્ષ ૨૦૦૪ બાદથી સ્થાનિક આદિવાસી મોટી સંખ્યામાં માઓવાદી આંદોલનમાં સામેલ થયા છે. આ આદિવાસી જ માઓવાદી આંદોલનની મુખ્ય તાકાત તરીકે રહ્યા છે. મોટા ભાગના માઓવાદી તેલુગુ નેતા હવે વૃદ્ધ થઈ ચુક્યા છે. તેમના પૈકી કેટલાક તો હવે પહાડી વિસ્તારમાં અને વન્ય વિસ્તારમાં ચાલી પણ શકતા નથી. જેની સીધી અસર છત્તિસગઢના માઓવાદી આંદોલનમાં ઘટી રહેલા શિસ્તમાં દેખાય છે. પહેલા નક્સલવાદીઓ ચેતવણી આપતા હતા. હવે માત્ર શંકાના આધાર પર જ હત્યા કરવામાં આવે છે. ઝારખંડમાં પણ માઓવાદીઓના કેટલાક વર્ગ રહેલા છે. જે પારસ્પરિક રીતે લડી રહ્યા છે. હિંસાગ્રસ્ત બસ્તરમાં પણ કેટલાક સમયથી ગેંગવોરની સ્થિતી જોવા મળી રહી છે. મોટી સંખ્યામાં મોત થયા છે. માઓવાદીઓની તાકાત ઘટી રહી છે. આવી સ્થિતીમાં શાંતિ પ્રયાસો હાથ ધરવા માટેનો આ યોગ્ય સમય છે. દેશના કેટલાક રાજ્યો માઓવાદીગ્રસ્ત રહ્યા છે. અલબત્ત છેલ્લા કેટલાક વર્ષોમાં સીઆરપીએફ અને અન્ય સુરક્ષા જવાનો દ્વારા લેવામાં આવી રહેલા પગલાના કારણે માઓવાદીઓની કમર તુટી રહી છે. તેમની સામે નિર્ણાયક કાર્યવાહી ચાલી રહી છે. હવે સફળતા મળવા માટે કેટલાક કારણો રહેલા છે. કારણ કે માઓવાદી પ્રભાવવાળા વિસ્તાર ઘટી રહ્યા છે. સાથે સાથે તેમની તાકાત પણ ઘટી રહી છે. તેમને સાથ આપનાર અને આશ્રય આપનાર લોકો દુર થઈ રહ્યા છે. સુરક્ષા દળો દ્વારા અસરકારક રણનતી અપનાવવામાં આવી રહી છે. જેની અસર હવે દેખાઈ રહી છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે આગામી થોડાક વર્ષમાં માઓવાદી ગતિવિધી બિલકુલ ઓછી થઈ જશે. કેન્દ્રમાં મોદી સરકાર દ્વારા કેટલાક નક્કર પગલા લેવામાં આવી રહ્યા છે. એકબાજુ અસંતુષ્ટ લોકોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે કેટલીક યોજના શરૂ કરવામાં આવી છે. બીજી બાજુ તેમની સામે આક્રમક કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. બે પાંખિય વ્યુહરચના તેમની સામે અપનાવવામાં આવી છે.

## 3 દિનથી તાવ છે તો ડેન્ગ્યુ મેલેરિયા । સાફ સફાઇ રાખવા અને પૂર્ણ વસ્ત્રો પહેરવાની જરૂર

# શરીરને ભીના કપડાથી સાફ કરવામાં આવે અને ઠંડા પાણીની પટ્ટી કરવામાં આવે તે જરૂરી : ભારે ભોજન ન કરવાની સ્પષ્ટ સલાહ

ઠંડીની સિઝન ચાલી રહી છે ત્યારે કેટલીક સાવધાની રાખવાની તમામને જરૂર હોય છે ખાસ કરીને માસુમ બાળકોને વધારે સાવધાની રાખવાની જરૂર હોય છે. નિષ્ણાંત તબીબો અને જાણકાર લોકો કહે છે કે જો સતત ત્રણ દિવસ સુધી તાવ રહે તો ડેન્ગ્યુ મેલેરિયાની અસર હોઈ શકે છે. આના માટે સાફ સફાઈને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે ઠંડીની સિઝનમાં ફુલ વસ્ત્રો પહેરવાની સલાહ ફમ તબીબો આપે છે. ઠંડીની સિઝનમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગનો ખતરો વધી જાય છે. મોનસુન બાદ ઠંડીની સિઝનમાં સૌથી વધારે ડેન્ગ્યુ ફિવરના મામલા સપાટી પર આવે છે. ડેન્ગ્યુના એડીઝ એજિપ્ટાઇ મચ્છર મુખ્ય રીતે સવારમાં અને સાંજે કોઈ પણ વ્યક્તિને કરડે છે. મલેરિયામાં શરદી લાગીને તાવ આવે છે. ઠંડીની સિઝનમાં ત્રણ દિવસથી વધારે સમય સુધી જો તાવ રહે છે તો તબીબોની સલાહ ચોક્કસપણે લેવી જોઈએ.



કારણ કે તે ડેન્ગ્યુ મેલેરિયા હોઈ શકે છે. તબીબો કહે છે કે ૨૦ હજાર પ્લેટલેટ કાઉન્ટ થાય છે તો કોઈ પણ પ્રકારની તકલીફ આવતી નથી. ડેન્ગ્યુ ફિવર માટે કાર્ડ ટેસ્ટ કરવાની જરૂર હોય છે. ત્યારબાદ એલાઈજા તપાસનો નિયમ રહેલો છે. પ્લેટલેટ કાઉન્ટ કરવામાં આવે છે તો પણ કેટલાક વધુ ટેસ્ટ કરવામાં આવે છે. નિષ્ણાંતોનો સાફ મત છે કે એક સ્વસ્થ વ્યક્તિમાં પ્લેટલેટ કાઉન્ટ દોઢ લાખથી વધારે સાડા ચાર લાખ સુધી હોય છે. તાવમાં ૨૦ હજાર આવે તો ભયભીત થવાની કોઈ જરૂર નથી. મચ્છરોને ભગાડી દેવા માટે કેટલાક પ્રયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે ઘરેલુ ઉપચારથી પણ મચ્છરો ભાગી જાય છે. જેમાં તવા પર લીમડાના પત્તા નાંખીને છોડી દેવામાં આવે તો તેનાથી મચ્છરો ભાગી જાય છે.

ડેન્ગ્યુ અને મલેરિયા તાવ હોવાની સ્થિતીમાં મુખ્ય રીતે હળવા ભોજન પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. દાળ, દળિયા, નારિયળ પાણી પણધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ. દહી, છાસ જેવી ચીજોનો ઉપયોગ કરવો જોઈએ નહી. રોગપ્રતિકારક ક્ષમતા કેટલીક રીતે વધારી શકાય છે. ખાસ કરીને પપીતાના નવા પત્તાના રસને અસરકારક ગણવામાં આવે છે. સાથે સાથે અનાર, હલ્દર પણ અસરકારક સાબિત થઈ શકે છે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઠંડીની સિઝનમાં વાયરલ ઈન્ફેક્શનની અસર બાળકોને વહેલી તકે થઈ જાય છે. વિટામીન ડી વાઈરલ ઈન્ફેશનથી રક્ષણ કરવામાં મદદરૂપ બને છે. અભ્યાસ મુજબ વાઈરલ ઈન્ફેક્શનથી બચાવવામાં વિટામીન ડીની ભૂમિકા ચાવીરૂપ રહે છે તે બાબત સાબિત કરવા માટે ઘણા તારણો પણ નક્કર રીતે રજૂ કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોનસુનની સિઝન અને ગરમીની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વાયરલ ઈન્ફેક્શનના રોગ ફેલાઈ જાય છે. વિટામીન ડીની ભૂમિકા વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જ્યારે દિવસો નાના હોય છે અને સૂર્યપ્રકાશ પ્રમાણસર નબળો હોય છે ત્યારે વિટામીન ડીનું સ્તર ઘટી જાય છે. ડેન્ગ્યુથી બચી શકાય છેપરંતુ આ જ કારણસર લોકો વાયરલ ઈન્ફેક્શના વધુ શિકાર થાય છે. અભ્યાસમાં સૂચન કરવામાં આવ્યું છે કે વિટામીન ડીના ઘટક તત્વો રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે જે વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જર્નલ ઓફ લ્યુકો સાઈટ બાયોલોજીમાં જણાવવામાં આવ્યું છે કે વિટામીન ડીને લઈને કરવાં આવેલા વધુને વધુ સંશોધનમાં જાણવા મળ્યું છે કે માનવીના આરોગ્ય માટે વિટામીન ડી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્પેનમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યા બાદ સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે જ્યારે પરંપરાગત થેરાપી કામ કરતી નથી ત્યારે વિટામીન ડીના ઘટક તત્વો ઉપયોગી સાબિત થઈ શકે છે. વિટામીન ડીના લોહીના સ્તરમાં ફેરફારની પણ સરખામણી કરવામાં આવી છે. મોટીવયના લોકોમાં વિટામીન ડીની અછત વધારે જોવા મળે છે જેથી તેઓ વધુ બિમાર થઈ જાય છે. કોઈપણ સ્કૂલના શિક્ષકને એમ જ કહેતા સાંભળવામાં આવે છે કે મોનસુનની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વિટામીન ડી વધારે લેવામાં આવે. વિટામીન ડીના ઘટક તત્ત્વો સસ્તા પણ છે અને સામાન્ય રીતે સુરક્ષિત પણ છે. .




